
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરત શહેરને ટ્રાફિકમુક્ત કરવા પો.કમિ. અનુપમસિંહ ગેહલોત મેદાનમાં

# ગીચ ટ્રાફિક પોઈન્ટ્સ પર હવે જમાદારો દેખાશે



**બંધ** પડેલા ટ્રાફિક સિગ્નલ્સ શરૂ કરવા આદેશ, મહાપાલિકાના સત્તાધીશો સાથે પણ મીટિંગ્સનો દૌર શરૂ

**સ્ક્વોડ** અને ઉઘરાણાના ટારગેટની સિસ્ટમ તાકીદે બંધ કરી જમાદારોને ટ્રાફિક પોઈન્ટ પર હાજર રહેવા આદેશ

**ટ્રાફિક** જમાદારો હવે મનફાવે ત્યાં ઊભા રહીને વાહનચાલકોને દંડના નામે ઉઘરાણું કરી શકશે નહીં



સુરત : શહેર પોલીસ કમિશનર અનુપમસિંગ ગેહલોત આખરે ટ્રાફિકની વિકટ સમસ્યા નિવારવા માટે આક્રમક વલણ અખત્યાર કર્યુ છે. તેમણે મહાપાલિકાના સત્તાધીશો સાથે સતત મિટીંગોનો દૌર શરૂ કર્યો છે. જેમાં પ્રથમ તબક્કામાં શહેરના બંધ પડેલા તમામ ટ્રાફિક સિગ્નલો શરૂ કરી દેવામાં આવશે. આવતા પંદર દિવસમાં આ કામગીરી પૂરી કરવાના આદેશ અપાયા છે. હવે ટ્રાફિકના જમાદારોએ આ પોઈન્ટ પર ફરજિયાત ઉભા રહેવું પડશે. હાલમાં

...અનુસંધાન પાના 9 પર



### વિકટ ટ્રાફિક પોઈન્ટ પર હવે સ્થાનિક પોલીસે પણ મોનિટરિંગ કરવું પડશે

શહેરમાં કેટલાક વિસ્તારો એવા છે, ઉદાહરણ તરીકે કાપડ બજાર, જ્યાં સવારે અને સાંજે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે. આ વિસ્તારોમાં હવે લોકલ પોલીસ સ્ટેશનોની પોલીસે પણ મોનિટરીંગ કરવુ પડશે. જેથી ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી રોકી શકાય. શહેર પોલીસે હાલમાં આવા બસો જેટલા રૂટો શોધી કાઢ્યા છે.

### એસીપી અને ડીસીપીઓને ટ્રાફિક માટે રસ્તા પર ઊતરવા આદેશ, લોકોએ નિયમ પાળવા પડશે

શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે તમામ એસીપી અને ડીસીપીઓને ફરજિયાત રસ્તા પર ઉતરવા માટે આદેશ અપાયા છે. જેમાં સુરતના લોકો ટ્રાફિકના નિયમનમાં નબળા હોવાને કારણે આ શહેરને હવે ટ્રાફિક નિયમનની આદતનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે જણાવાયું છે. તમામ પોલીસ ઉચ્ચ અધિકારીઓએ હવે રસ્તા પર ઉતરીને લોકો પાસે ટ્રાફિક નિયમન કરાવવું પડશે.



# સાપુતારામાં ભરઉનાળે ગાજવીજ સાથે વરસાદ, સહેલાણીઓ ખુશ થઈ ગયા

**જિલ્લાના** ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ સહિત પૂર્વપટ્ટી અને સરહદીય વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ સહિત પૂર્વપટ્ટી અને સરહદીય વિસ્તારનાં ગામડાઓમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ત્યારે ગિરિમથક સાપુતારા સહિત આસપાસના વિસ્તારોમાં થોડા સમય માટે ધોધમાર સ્વરૂપેનો કમોસમી વરસાદ પડતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જોકે કમોસમી વરસાદનાં પગલે જગતનો તાત ચિંતામાં મુકાયો હતો.

ડાંગ જિલ્લાના પૂર્વ પટ્ટી વિસ્તારનાં ગામડાઓમાં તથા ગિરિમથક સાપુતારા સહિત

...અનુસંધાન પાના 9 પર

# મતદાનના આખરી આંકડા: વલસાડમાં સર્વાધિક 72.71, ભરૂચ-69.16, બારડોલી-64.81, નવસારી-59.66 ટકા

**તમામ** ચાર બેઠકના ઈવીએમને સીલ કરી સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવ્યા, હવે 4થી જૂને મતગણતરી થશે

સુરતઃ મતદાન થયાના 24 કલાક બાદ ચૂંટણી તંત્ર દ્વારા આખરે લોકસભા બેઠકો પર થયેલા મતદાનના આખરી આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. આખરી આંકડાઓ પ્રમાણે દરેક બેઠક પર મતદાન ઘટ્યું જ છે. જોકે, દક્ષિણ ગુજરાતની સાથે આખા રાજ્યમાં સૌથી વધુ 72.71 ટકા મતદાન વલસાડ બેઠક પર નોંધાયું હતું. જ્યારે દક્ષિણ ગુજરાતમાં જ સૌથી ઓછું મતદાન નવસારી બેઠક પર 59.66 ટકા

...અનુસંધાન પાના 9 પર

### કઈ બેઠક પર કેટલું મતદાન, અગાઉની સરખામણીમાં કેટલા ટકા ઘટ્યું

| બેઠક | 2019 | 2024 | ઘટાડો |
|---|---|---|---|
| ભરૂચ | 73.23 | 69.16 | 4.07 |
| બારડોલી | 73.58 | 64.81 | 8.77 |
| નવસારી | 66.10 | 59.66 | 6.44 |
| વલસાડ | 75.22 | 72.71 | 2.51 |

### વલસાડ બેઠકના સૌથી વધુ 72.71 ટકાએ રાજ્યમાં વિક્રમ સર્જ્યો

વાપી, વલસાડ : વલસાડ લોકસભાની અનુસૂચિત જનજાતિની અનામત બેઠક ઉપર 72.71 ટકા મતદાન નોંધાયું છે. વલસાડ લોકસભાની બેઠક ઉપર સાત ઉમેદવાર છે. જે પૈકી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મુખ્ય મુકાબલો છે. મતદાનના અંતિમ આંકડા બુધવારે જાહેર કરાયા તે જોતા 18,59,974 મતદારો પૈકી 13,52,407 મતદારોએ મતદાન કર્યુ છે. વલસાડ લોકસભાની

...અનુસંધાન પાના 9 પર

| બેઠક | પડેલા મત | ટકા |
|---|---|---|
| ધરમપુર | 1,99,712 | 78.35 |
| વલસાડ | 1,85,737 | 69.29 |
| પારડી | 1,78,088 | 65.59 |
| કપરાડા | 2,17,866 | 79.54 |
| ઉમરગામ | 1,90,882 | 65.12 |
| ડાંગ | 1,55,222 | 78.79 |
| વાંસદા | 2,24,900 | 74.60 |

### બારડોલી બેઠક પર ગત ચૂંટણીમાં નિઝર બેઠક પર 82.92 ટકા મતદાન નોંધાયું હતું



વ્યારાઃ લોકસભા સામાન્ય ચૂંટણીમાં બારડોલી બેઠક ઉપર સાંજે થયેલા મતદાનની ટકાવારીની વિગતો મોડી રાત સુધી બહાર આવી ન હતી. વ્યારા અને નિઝર એમ બે સીટ ઉપર થયેલા મતદાનની ટકાવારી બીજા દિવસે પ્રાપ્ત થઇ છે. બારડોલી સંસદિય મતદાર વિભાગમાં કુલ ૬૪.૮૧ ટકા મતદાન નોંધાયું છે. તાપી જિલ્લાની નિઝર બેઠક ઉપર સૌથી વધુ ૭૯.૬૩ ટકા મતદાન અને સૌથી ઓછું કામરેજ બેઠક ઉપર ૪૬.૫૦ ટકા મતદાન નોંધાયું છે. બારડોલી બેઠકમાં અગાઉની લોકસભાની સામાન્ય

...અનુસંધાન પાના 9 પર

### બારડોલી (એસટી) બેઠક પર ક્યા વિધાનસભા વિસ્તારમાં કેટલા ટકા મતદાન

| બેઠક | પડેલા મત | કુલ ટકા |
|---|---|---|
| માંગરોળ | 1,57,398 | 68.88 |
| માંડવી | 1,18,508 | 74.58 |
| કામરેજ | 2,57,483 | 46.50 |
| બારડોલી | 1,80,368 | 63.89 |
| મહુવા | 1,57,806 | 68.58 |
| વ્યારા | 1,63,509 | 73.68 |
| નિઝર | 2,27,556 | 79.63 |
| કુલ | 13,27,628 | 64.81 |

### ભરૂચ લોકસભા બેઠક પર ડેડિયાપાડા વિધાનસભા વિસ્તારમાં અધધધ ૮૩.૯૪ ટકા મતદાન

| બેઠક | કુલ મતદાર | પડેલા મત ટકા |
|---|---|---|
| કરજણ | ૧,૪૪,૬૭૨ | ૬૭.૦૪ ટકા |
| ડેડિયાપાડા | ૧,૮૯,૪૯૦ | ૮૩.૯૪ ટકા |
| જંબુસર | ૧૫૯૪૫૩ | ૬૫.૪૨ ટકા |
| વાગરા | ૧૫૧૬૪૬ | ૬૭.૫૨ ટકા |
| ઝઘડિયા | ૨૦૧૦૩૦ | ૭૭.૩૬ ટકા |
| ભરૂચ | ૧૮૦૦૪૪ | ૬૦.૪૩ ટકા |
| અંકલેશ્વર | ૧૬૫૫૪૨ | ૬૪.૭૪ ટકા |
| કુલ | ૧૧૯૧૮૭૭ | ૬૯.૧૬ ટકા |

ભરૂચઃ ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણીમાં કુલ ૬૯.૧૬ ટકા મતદાન નોંધાયું હતું, જેમાં સૌથી વધુ ડેડિયાપાડા વિધાનસભામાં ૮૩.૯૪ ટકા અને સૌથી ઓછું ભરૂચ વિધાનસભામાં ૬૦.૪૩ ટકા મતદાન નોંધાયું છે.

### નવસારી બેઠક પર સૌથી વધુ મતદાન ગણદેવી અને સૌથી ઓછું મતદાન ઉધના બેઠક પર નોંધાયું

નવસારી : નવસારી લોકસભા બેઠક પર 59.66 ટકા મતદાન થયું છે. જેમાં સૌથી વધુ મતદાન ગણદેવી વિધાનસભા બેઠક પર 71.76 ટકા અને સૌથી ઓછું મતદાન ઉધના વિધાનસભા બેઠક પર 52.16 નોંધાયું હતું.

| બેઠક | પડેલા મત | ટકા |
|---|---|---|
| લિંબાયત | 1,60,556 | 55.43 |
| ઉધના | 1,30,771 | 52.16 |
| મજૂરા | 1,44,376 | 55.13 |
| ચોર્યાસી | 2,84,617 | 55.72 |
| જલાલપોર | 1,52,473 | 55.32 |
| નવસારી | 1,52,271 | 66.12 |
| ગણદેવી | 1,99,687 | 71.76 |
| કુલ | 12,29,751 | 59.66 |

## નવસારી-બારડોલીની સુરત શહેરમાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારમાં

# મતદાન ઘટવા પાછળનું કારણ? સુરત બેઠક બિનહરીફ થવાથી અસમંજસની સ્થિતિ?

**કાળઝાળ** ગરમી કે પછી ભાજપની સેના ઢીલી પડવા લાગી છે? જેવા પ્રશ્નો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યા

સુરતઃ રાજ્યની તમામ બેઠકો પર પાંચ લાખની લીડથી જીતવાના ભાજપના હુંકારમાં ક્ષત્રિય સમાજના આંદોલન બાદ મતદાનના દિવસે કાળઝાળ ગરમી અને ખાસ કરીને સુરત શહેરમાં સમાવિષ્ટ વિધાનસભાઓમાં મતદાનની ટકાવારીમાં ઓટ આવી છે. કેમ કે મતદાન પૂર્ણ થયા બાદ સી.આર. પાટીલે રાજ્યની તમામ બેઠકો જીતી રહ્યા છીયે એવુ નિવેદન કર્યું, પણ પાંચ લાખની લીડનો ઉલ્લેખ ના કર્યો. કેમ કે મતદાનની ટકાવારી ઘટી છે.

ખાસ કરીને પ્રદેશ પ્રમુખના હોમ ગ્રાઉન્ડ નવસારી અને બારડોલી લોકસભામાં સમાવિષ્ટ સુરત શહેરની વિધાનસભા બેઠકોમાં મતદાનની ટકાવારી ઓછી રહી છે. જેની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન વધુ થયું છે. ત્યારે સુરતમાં લોકસભા બીનહરીફ થવાથી અસમંજસની સ્થિતિ? કાળઝાળ ગરમી? આ ઓછા મતદાન માટે કારણભુત છે? કે, હવે ભાજપની સેના ઢીલી પડવા માંડી છે તે તપાસનો વિષય છે.

### પાટીલના મતવિસ્તાર નવસારીમાં સમાવિષ્ટ સુરતની ચાર વિધાનસભામાં 7.35 ટકા મતદાન ઘટ્યું

રાજકીય પંડીતોમાં એ મુદ્દો ચર્ચામાં છે કે, 2019ની સરખામણીએ, નવસારી લોકસભા બેઠકમાં સમાવિષ્ટ સુરતની વિધાનસભાઓ મજૂરામાં 9.23%, ચોર્યાસીમાં 6.12%, ઉધનામાં 7.12%, લિંબાયતમાં 8.12% મતદાન ઘટ્યું છે. નવસારીમાં સમાવિષ્ટ સુરતની ચાર વિધાનસભામાં 54.84% મતદાન થયું છે, જેમાં 2019 કરતા 7.35 ટકાનો ઘટાડો છે. મજૂરા 54.91, ચોર્યાસી 55.72, ઉધના 52.15, લિંબાયતમાં 55.43 ટકા મતદાન થયું છે. જે ગત લોકસભાની સરખામણીએ ઓછું છે. જે પેઇજ કમિટીથી મજબુત ગણાતા ભાજપ માટે આત્મમંથન કરવા જેવી વાત છે.

## ટાટા ગ્રુપની એર ઇન્ડિયા એક્સપ્રેસ અને એર એશિયા ઇન્ડિયા એક્સપ્રેસના મર્જરનો વિવાદ

# કેબિન ક્રૂ હડતાળ પર ઊતરી જતાં સુરત-દિલ્હીની ફ્લાઇટ રદ, 100થી વધુ પેસેન્જર અટવાયા

**મર્જરથી** નોકરી જવાના ભયે 300 કેબિન ક્રૂ સ્ટાફે બીમાર હોવાનું કારણ આપી સામૂહિક રજા પર ઊતરી ગયા

સુરતઃ ટાટા ગ્રુપની એરલાઈન્સ કંપનીઓ એર એશિયા ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના મર્જરનો વિવાદ સામે આવ્યો છે. મર્જરથી નોકરી જવાના ભયે 300 કેબિન ક્રૂ સ્ટાફે બીમાર હોવાનું કારણ આપી સામૂહિક રજા પર ઊતરી ગયા હતા. દેશભરમાં આ ઘણી ફ્લાઈટસ્ રદ કરવી પડી છે. કેબિન ક્રૂનો સ્ટાફ દેશવ્યાપી હડતાળ પર જતાં સુરત-દિલ્હીની ફ્લાઈટ પણ આજે રદ જાહેર કરવામાં આવતાં 100થી વધુ પેસેન્જર્સે હોબાળો મચાવ્યો હતો. બુધવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-સુરત-દિલ્હીની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી હોવાની જાહેરાત થતાં વેકેશનમાં પેસેન્જરનો પ્રવાસ બગડ્યો હતો. પેસેન્જર્સે પોતાનો ગુસ્સો સોશિયલ મીડિયા પર વ્યક્ત કર્યો હતો. જો કે, સુરતથી બીજી કોઈ ફ્લાઈટને અસર થઈ નથી. સુરતથી દુબઈ અને શારજાહની ફ્લાઈટને પણ કોઈ અસર પડી નથી, એ રાબેતા મુજબ ઓપરેટ થશે. દેશવ્યાપી બદનામી મળતાં એર ઈન્ડિયા એક્સપ્રેસે વળતી પ્રતિક્રિયામાં આજની ઘટના કમનસીબ ગણાવી સોશિયલ મીડિયા પર પેસેન્જર્સની ફ્લાઈટ કેન્સલ કરવા માટે માફી માંગી હતી અને ફ્લાઈટ ઓપરેશન

...અનુસંધાન પાના 9 પર

# બે વખત મતદાનના પૂર્વ કોર્પોરેટરના દાવામાં તપાસ કરાશે: નવસારી કલેક્ટર

**નવસારી** બેઠક પર સુરત ભેસ્તાનના પૂર્વ કોર્પો. સતિષ પટેલે બે મત આપ્યાનો ફેસબૂક પર ફોટો મૂકીને દાવો કર્યો હતો

નવસારી : ભેસ્તાનના પૂર્વ કોંગ્રેસી નગરસેવક અને હાલમાં ભાજપમાં જોડાયેલા કાર્યકર્તાએ બંને હાથની આંગળીઓમાં શાહીનું નિશાન બતાવી સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકી બે વખત મતદાન કર્યું હોવાનો દાવો કર્યો હોવા બાબતે નવસારી જિલ્લા ચૂંટણી અધિકારી તપાસ હાથ ધરશે. ગત રોજ નવસારી લોકસભા બેઠક ઉપર મતદાન યોજાયું હતું. જેથી નવસારી લોકસભા બેઠકમાં સુરતની 4 વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. ત્યારે ગત રોજ સુરતના ભેસ્તાન વિસ્તારના એક યુવાને બે વખત મતદાન કર્યું હોવાનો દાવો કરી સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી છે. ભેસ્તાન વિસ્તારના પૂર્વ કોંગ્રેસ નગર સેવક અને થોડા દિવસો પહેલા જ ભાજપમાં જોડાયેલા સતીષ પટેલે તેમના ફોટા સાથે બંને હાથની આંગળીઓ ઉપર શાહીનું નિશાન બતાવતો ફોટો સોશિયલ મીડિયામાં મૂકી પોસ્ટ લખી હતી. જેમાં તેમણે અંગ્રેજીમાં જણાવ્યું હતું કે, આઈ એમ લકી ધેટ બીજેપી ઈઝ ઈન નવસારી લોકસભા ઈલેક્શન. પાટીલ સર ગોટ ધ અપોર્ચ્યુનીટી ટુ ગીવ ટુ વોટસ, જય શ્રી રામ.... લખ્યું હતું. સતીષ પટેલે બે વખત મતદાન કર્યું હોવા બાબતની પોસ્ટથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. જોકે આ સમગ્ર ઘટનાથી નવસારી જિલ્લા ચૂંટણી તંત્ર અજાણ હતું. આ બાબતે નવસારી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેને પુછતાં તેમણે જણાવ્યું હતું કે, બે વખત મત આપવું શક્ય નથી, આ બાબતે અમને હજુ સુધી ખબર નથી પરંતુ હવે આ બાબત ધ્યાન પર આવતાં હું તપાસ કરીશ.

### કોવિડ બાદ માનસિક સંતુલન ગુમાવેલી વૃદ્ધાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી

સુરતઃ ચૌટાબજારમાં થાઈરોઈડની બિમારીથી કંટાળી વૃદ્ધાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ચૌટાબજાર મોટા મંદિર પાસે રાજીવભાઈ યાજ્ઞિક પરિવાર સાથે રહેતા હતા. રાજીવભાઈ નિવૃત્ત જીવન વ્યતિત કરતા હતા. રાજીવભાઈની પત્ની પ્રતિજ્ઞાબેન (ઉં.વ.61) ને થાઈરોઈડ તેમજ અન્ય બીમારીઓ હતી. તેમજ કોવિડ બાદ તે માનસિક અસ્વસ્થ થઈ ગયા હતા. જેથી કંટાળીને તેઓએ સોમવારે રાત્રે ઘરમાં ઝેર પીને આત્મહત્યા માટે પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈને ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સાંજે તેમનું મોત નીપજ્યું હતું.

# ધો.12ના આજે જાહેર થનારા પરિણામમાં સુરતના 68 હજારથી પણ વધુ વિદ્યાર્થી

**વિજ્ઞાન** પ્રવાહમાં 18514 અને સામાન્ય પ્રવાહના 50357 વિદ્યાર્થીના ભાવિનો ફેંસલો થશે

સુરતઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી માર્ચ 2024ની ધો.12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની તેમજ ગુજકેટની પરીક્ષાનું પરિણામ આવતીકાલે તારીખ 9મી મેના રોજ સવારે 9-00 વાગે બોર્ડની વેબસાઈટ પર જાહેર થશે. ધો.12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહના કુલ 68 હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ દ્વારા આ પરીક્ષા આપવામાં આવી હતી. જેમના પરિણામો આવતીકાલે જાહેર થશે.

ધો.12માં વિજ્ઞાન પ્રવાહમાં સુરતમાંથી 18514 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે સામાન્ય પ્રવાહમાં 50357 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ તમામના પરિણામો આ પરિણામ બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક એન્ટર કરીને જાણી શકશે. આ ઉપરાંત વોટ્સએપ નંબર 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

વિદ્યાર્થીઓના ગુણપત્ર પ્રમાણપત્ર તથા એસઆર શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછી કરવામાં આવશે.




પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

આપ ગૌલોકવાસી થયાનું વર્ષ વીતી ગયું ને અમારા સ્મરણમાંથી સ્હેજે વિસરાયાં નથી.
અંજલિ આપવા શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ અર્પવા પુષ્પો ખૂટે છે,
સહુની સાથે સદા હસતાં રહ્યાં,
સહુનાં મન-હૃદયમાં વસતાં રહ્યાં,
પ્રભુ પરમ કૃપાળુ તમારા કોમળ દિવ્યાત્માને સદા શાંતિ અર્પે.

સ્વ. લક્ષ્મીબહેન પ્રતાપભાઈ કોન્ટ્રાકટર
સ્વ. તા. ૦૯.૦૫.૨૦૨૩

લિ.
દીપ્તિ - મુકેશભાઈ પ્રતાપભાઈ કોન્ટ્રાકટર
હીના - નિતીનભાઈ પ્રતાપભાઈ કોન્ટ્રાકટર
સંગીતા - કીર્તિભાઈ પ્રતાપભાઈ કોન્ટ્રાકટર
તેમજ સમગ્ર કોન્ટ્રાકટર પરિવાર



શ્રદ્ધાંજલિ..

અમને હજુ વિશ્વાસ નથી થતો કે તું હવે અમારી વચ્ચે નથી રહ્યો, અમે તમને ક્યારે ભુલી ના શકીએ, એક વર્ષના પસાર થયેલા સમયમાં તારી યાદો ક્યારે વિસર્યા નથી અને ક્યારેય વિસરી શકે તેમ નથી, પ્રભુ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના.

સ્વ. ભવ્ય પટેલ
સ્વ. તા. ૦૯/૦૫/૨૦૨૩

લિ.
શશીબા
મામા, મામી અને જય



શ્રદ્ધાંજલિ

ફુલ દુનિયામાં તેની સુગંધ છોડી જાય છે,
તેમ શરીર આત્મા છોડી દે છે,
આપનો સાથ રહ્યો ન રહ્યો
પણ આપની યાદ અમારી સાથે હંમેશાં રહેશે.
દિલની ભાવનાઓ શબ્દો થકી હૃદયાંજલિ બની રહેશે.
પ્રભુ આપના આત્માને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.હેમંતકુમાર મગનભાઈ પટેલ
( એચ. એમ. પટેલ )
નિવૃત્ત પો.ઈન્સપેક્ટર
સ્વ.તા.૦૭/૦૫/૨૦૨૪

લિ.
વલ્લભભાઈ એસ. લખાણી
બાબુભાઈ એસ. લખાણી
આશિષ બી. લખાણી
વરૂણ બી. લખાણી
જીતુભાઈ મૈયાણી
વશરામભાઈ નાવડીયા
નિતિનભાઈ સવાણી
મહેન્દ્રસિંહ ખેર (Ex. PI)

કિરણ જેમ્સ પરિવાર




૭વી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ.મણીબેન પરભુભાઈ પટેલ
સ્વ.તા.૦૯-૦૫-૨૦૧૭

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાયે,
હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગયો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.
સદ્ગુરૂ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
નટવરભાઈ પરભુભાઈ પટેલ
સ્વ. ડેનીશભાઈ નટવરભાઈ પટેલ
નિતેશભાઈ નટવરભાઈ પટેલ
રમેશભાઈ બાબુભાઈ પટેલ
રાકેશભાઈ બાબુભાઈ પટેલ
નયનાબેન નટવરભાઈ પટેલ
ગં.સ્વ.અંકિતાબેન ડેનીશભાઈ પટેલ
પાયલબેન નિતેશભાઈ પટેલ
સેજલબેન રમેશભાઈ પટેલ
મોહીનીબેન રાકેશભાઈ પટેલ
ક્રિસ, એલિના, ઇવા, દિવ્યા

૩૫૧, વિસનગર મહોલ્લો, વેસુગામ, સુરત-૩૯૫૦૦૭



દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"જીવનભર પરિશ્રમ કરી,
શૂન્યમાંથી સર્જન કરી ગયા,
પોતે કષ્ટ સહન કરી,
પરિવાર માટે
ફૂલો બીછાવી ગયા."

ૐ શાંતિ.....
ૐ શાંતિ.....
ૐ શાંતિ.....

સ્વ. મહેન્દ્રકુમાર લલ્લુભાઈ રોટલીવાલા
વૈશાખ સુદ પડવો
જન્મ તા. ૨૨-૦૪-૧૯૪૫
સ્વ.તા. ૩૦-૦૪-૨૦૧૪

લિ.
સ્વ. સુશીલાબેન મહેન્દ્રકુમાર
અનુશ્રી દેવેશ રોટલીવાલા
નીતા અજયકુમાર સિંગાપુરી
દેવેશ મહેન્દ્રકુમાર રોટલીવાલા
આર્યવ દેવેશ રોટલીવાલા
કવિતા વિમલકુમાર ભરૂચા
ધ્રુવ ◆ દિશા ◆ જશ